## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા નર્મદા જીલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત કીટ વિતરણ.

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગુજરાતના મહત્વાકાંક્ષી જિલ્લાઓ માથી એક નર્મદા જીલ્લા ખાતે "ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ- ભારતીય મકાઇ સંશોધન સંસ્થા", લુધિયાણા દ્વારા સંચાલિત યોજના ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડેડીયાપાડા ના સહયોગથી તા.૨૪/૦૬/૨૦૨૦ ના રોજ મકાઈની હાઇબ્રીડ જાત (જી.એ.વાય.એમ.એચ.-૧) અને કૃષિ ઓજાર (હેન્ડ વીડર) નું નર્મદા જિલ્લાના અનુસુચિત જન-જાતિના કુલ ૫૫ ખેડૂત ભાઈઓ તથા બહેનોને વિતરણ કરવામાં આવેલ હતું. જેથી કરીને નર્મદા જિલ્લામાં મકાઇના પાકના વિસ્તારમાં વધારો થાય તથા નીંદામણનું અસરકારક રીતે નિયંત્રણ કરી પાક ઉત્પાદનમાં વધારો થઈ શકે.

વધુમાં મોટી સંખ્યામાં ખેડૂત-મિત્રો ભેગા ન થાય તે માટે અલગ-અલગ સમય દરમ્યાન તેમજ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને કિટનું વિતરણ કરવામાં આવેલ હતું. તેમજ શ્રી. ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ધ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેનું માર્ગદર્શન કરવામાં આવેલ હતું.





કીટ વિતરણ, સ્થળ:- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડેડીયાપાડા, જિલ્લો:- નર્મદા